# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAANS

ESTD: 1969

Editor : S. SAM SELVA RAJ    16 Languages    Associate Editor : Bro. Pankaj Wadia

VOL: XX    YEAR OF OUR LORD JESUS CHRIST, 2018 NOVEMBER    NO: 12


### પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**

**પ્રભુની સ્તુતિ થાઓ**

**ગીતશાસ્ત્ર ૧૬:૧-૮**

૧. હે દેવ મારૂં રક્ષણ કર, કેમ કે હું તારા પર ભરોસો રાખું છું.

૨. મેં યહોવાને કહયુ કે, તું મારો પ્રભુ છે, તારા વગર મારૂં કોઈ હિત નથી.

૩. જે સંતો પૃથ્વી પર છે, તેઓ તો ઉત્તમ છે, અને મારો સર્વ આનંદ તેઓમાં છે.

૪. જેઓ યહોવાને બદલે બીજા દેવને માને છે, તેઓનો ખેદ વધી પડશે, તેઓના રક્તનાં પેયાર્પણ હું ચઢાવીશ નહિ અને મારે હોઠે તેઓનાં નામ લઇશ નહિ.

૫. યહોવા મારા વારસાનો તથા મારા પ્યાલાનો ભાગ છે. તું મારા હિસ્સાનો આધાર છે.

૬. મારો વિભાગ આનંદદાયક ઠેકાણે પડ્યો છે, હા મને સુશોભિત વારસો મળ્યો છે.

૭. યહોવાએ મને બોધ દીધો છે, તેને હું સ્તુત્ય માનીશ; મારૂં અંતઃકરણ મને રાતને વખતે બોધ આપે છે.

૮. મેં મારી સંમુખ યહોવાને નિત્ય રાખ્યો છે. તે મારે જમણે હાથે છે, તેથી મને ખસેડનાર કોઈ નથી.

# ભ્રમણામાં રહેતા લોકો!

(પાળક એસ. સામ સેલ્વરાજ દ્વારા મુખ્ય મંડળી પર આપવામાં આવેલો સંદેશો)

**ભાઈઓ, અમે તમને વિનંતિ કરીએ છીએ, પ્રભુ ઇસુ ખ્રિસ્તના આગમન દ્વારા અને તેમની સમક્ષ આપણે સાથે ભેગા થવા માટે કે જેથી તમે તરત જ મનમાં ધ્રુજશો નહિ અથવા આત્મા દ્વારા કે શબ્દ દ્વારા કે અમારા દ્વારા લખેલા પત્રથી અસ્વસ્થ થશો નહિ કારણકે ખ્રિસ્તનો તે દિવસ નજીક છે.**

**"કોઈ માણસ કોઈ પણ પ્રકારે તમને ભમાવે નહિ, કેમ કે એમ થતાં પહેલાં ધર્મત્યાગ થશે તથા પાપનો માણસ, એટલે વિનાશનો પુત્ર પ્રગટ થશે."** (૨ થેસ્સલોનિકીઓને પત્ર૨:૧-૩)

પાઊલના "પ્રભુનો દિવસ" ના સંદર્ભને કેટલાક ધર્મશાસ્ત્રીઓ અંતિમ ચુકાદા તરીકે માને છે. જો કે, હું બીજા વિદ્વાનોની જેમ માનું છું કે પાઊલ ખ્રિસ્તના બીજા આગમન વિશે બોલે છે. અને પાઊલ જણાવે છે કે ઇસુનું આવવું બે વસ્તુઓ થયા વગર શક્ય થશે નહિ.

૧. મોટો ધર્મત્યાગ થશે. ઘણા જેઓં એક સમયે ઇશ્વરને જાણતા હતા, તેઓ સુવાર્તાના સત્યથી દૂર જશે જે વિશે તેઓ જાણીતા હતા.

૨. ખ્રિસ્ત વિરોધી અથવા પાપનો માણસ પ્રગટ થશે.

ઈસુના દરેક ચાહનારને માટે તે સ્પષ્ટ હોવું જોઈએ "દૂર જવુ" પહેલેથી જ થઈ રહયું છે. આજે ઘણા વિશ્વાસીઓ, તેમ જ ખ્રિસ્તીઓ પાછલા થોડા દશકોમાં ઈશ્વર માટેના તેમના પ્રેમમાં ઠંડા થયા છે. તે મનમાં રાખીને, હું પાઊલની બીજી વાત પર ધ્યાન કેંદ્રિત કરવા માગીશ કે ઈશ્વરનો તે દિવસ ત્યાં સુધી આવશે નહિ જયાં સુધી **"પાપનો માણસ પ્રગટ થાય નહિ."**

પાઊલ, ખરેખર, આ વાક્ય દ્વારા શું કહેવા માગે છે? શુ તે કહે છે, પ્રભુ ઇસુ પાછા આવશે નહિ જ્યાં સુધી ખ્રિસ્તવિરોધી જગશાસક તરીકે સિંહાસન પર બીરાજમાન ન થાય અને આપણે બધા તેની ઓળખ જાણીએ નહિ? મને એવું નથી લાગતું. પાઊલ જાણતો હતો કે ખ્રિસ્ત કોઈ પણ ક્ષણે પાછા આવશે. પ્રભુ ઇસુએ પોતે કહયું હતું કે તેઓ પાછા આવશે જ્યારે તે અપેક્ષિત નહિ હોય, આંખના પલકારામાં.

હું માનું છું કે પાઊલના તે શબ્દ **"પ્રગટ થશે"** ના અર્થમાં આપણને ચાવી મળી છે. અહીં ગ્રીક અર્થ છે "ખુલ્લુ". હુ માનું છું પાઊલ કહે છે, "પ્રભુ ઇસુ પાછા આવશે નહિ જ્યાં સુધી ખ્રિસ્તાવિરોધીની યોજના અને કાર્ય જાહેર થાય નહિ અને મંડળીને તેનાથી પરિચિત કરવામાં આવે છે."

અનુસંધાન પાના ત્રણ પર

☼ 2019 - GOLDEN JUBILEE YEAR ☼

૧૯૬૯ થી ... શિક્ષણ દ્વારા ઘણા જીવનોને સ્પર્શ.

# ઈસુના તેડાનો પ્રતિધ્વનિ

અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલી અને આફ્રિકાન્સ-નું માસીક પત્ર.



**“કેમ કે તે દિવસ, એટલે યહોવાનો દિવસ નજીક છે, તે મેઘોમય દિવસ છે, એ વિદેશીઓનો સમય થશે.”** (હજકિયેલ ૩૦:૩)

જગતના તારનાર ઇસુ ખ્રિસ્તના અજોડ નામમાં તમને અમારી પ્રેમી શુભેચ્છાઓ.

અમે જાણીએ છીએ કે તમારામાંના ઘણા આતુરતાથી આ માસિક સામયિકની અપેક્ષા રાખે છે. અમે તે પણ જાણીએ છીએ કે તમે બધા આ સામયિક દ્વારા પૂર્ણ મહિના માટે આત્મિક માન્ના મેળવો છો. અમને એવા લોકો જેઓ અંગ્રેજી, તામિલ, મલયાલમ, તેલગુ, હિન્દી, કન્નડા, મરાઠી, આસામીજ, બંગાલી, ઉર્દુ ગુજરાતી, નેપાળી, ઓડીયા, પંજાબી, સિંહાલી અને આફ્રિકન્સ ભાષાઓ બોલે છે, તેમની તરફથી ફોન પર, એસએમએસ સંદેશાઓ અને ઇમેલ પત્રો દ્વારા કહેવામાં આવે છે કે તેઓ આત્મિક રીતે આશીર્વાદિત થયા છે અને તેથી અમે જાણીએ છીએ કે આ બધા લોકો માટે અમારૂં સામયિક ઘણું ઉપયોગી છે. અમે રાતદિવસ ઘણી મહેનત કરીએ છીએ, અમારા નાણાકીય સંઘર્ષણાં આત્મિક યુદ્ધો લડીએ છીએ, માંદગી, કાર્યકરોની તંગી અને સામાજીક અને રાજકીય પ્રતિકુળ પરિસ્થિતિઓ હોય છે છતા પણ તેથી અમે નિરાશ થતા નથી.

અમે તે ખ્યાલ કરતા દુ:ખી થઈએ છીએ કે ઇશ્ર્વરના ઘણા બાળકો ઇશ્ર્વરના સેવાકાર્યમાં રસ દાખવતા નથી કે તેમાં પોતાને સામેલ કરતા નથી, કેમ કે તેઓ દુન્યવી ઉન્નતિઓ, દુન્યવી સુખો, આનંદમાં અને કૌટુંબિક ઉજવણીઓમાં વ્યસ્ત રહે છે. પણ અમે અમારી સખત મહેનત થકી જેમા અમે છેલ્લા ૫૦ વર્ષોમાં આરામ લીધો નથી તે દ્વારા ફળ પામી રહયા છીએ. અમે ક્યારે પણ બેજવાબદાર ન હતા અને ક્યારે પણ ઇશ્ર્વરના અવાજની ઉપેક્ષા કરી નથી અથવા ઇશ્ર્વરની ઇચ્છાની જો કે હમણાના સમયમાં નિયમો અને કાયદાઓ અમને લોકો સુધી સત્ય પહોચાંડવા અવરોધો લાવે છે, અમે હજુ પણ આગળ વધીએ છીએ.

દુનિયાના ઘણા દેશોએ એવી જીવનશૈલીઓને માન્યતા આપી છે અને તે રીતે જીવવાની શરૂઆત કરી છે જેનો આપણા પવિત્રશાસ્ત્રએ સ્વીકાર કર્યો નથી. જ્યારે પવિત્રશાસ્ત્ર સમલૈંગિક ને ઇશ્ર્વરની સમક્ષ ધિક્કારપાત્ર કહે છે, આવી પ્રથાઓ જેની જાહેરમાં ચર્ચા કરી શકાતી નથી, તેની આપણા દેશ, ભારત સહિત ઘણા દેશોએ સ્વીકારી છે. ભારતમાંના ઇશ્ર્વરના બાળકો અસહ્ય ઉદાસી અનુભવે છે તાજેતરના ચુકાદાથી કે લગ્નબાહ્ય સંબંધો તે ગુનો નથી.

**આ સારું છે કે અત્યારના પાળકો અને મંડળીઓ આ બધા મુદ્દાઓ બાબતની ચર્ચામાં સામેલ થતા નથી,** પણ આ બધા ચુકાદાઓને મહત્ત્વ ન આપતા તેમને અવગણો આપણે ઇશ્ર્વરના લોકો મધ્યે આવી બાબતોની ચર્ચા કરવી ન જોઈએ જેથી તે બાબતોની વધુ જાહેરાત ન થાય. આજની પરિસ્થિતિઓમાં ઇશ્ર્વરના લોકોની આ ફરજ છે. ઇશ્ર્વર આ બધી પરિસ્થિતિઓ બદલી નાખશે. તામિલમાં એક કહેવત છે, “ચોરી ભુલી જાઓ અને શીખો.” પણ આપણે ૧ કરિંથીઓના પત્ર ૨:૨માં વાંચીએ છીએ, **“કેમ કે ઇસુ ખ્રિસ્ત અને તે વધસ્તંભે જડાયેલો તે સિવાય હું તમારી સાથે રહીને બીજું કંઈ જ ન જાણુ, એવો મેં નિશ્ર્ચય કર્યો”** ૧ કરિંથીઓના પત્ર ૧૦:૧-૨માં આપણે વાંચીએ છીએ “કેમ કે, મારા ભાઈઓ, મારી ઇચ્છા નથી કે તમે આ બાબત વિશે અજાણ્ય રહો કે આપણા સર્વ પૂર્વજો વાદળાની છાયા નીચે સમુદ્રમાં થઈને પાર ગયા, અને તેઓ સર્વ મુસાના અનુયાયી થવાને વાદળામાં તથા સમુદ્રમાં બાપ્તિસ્મા પામ્યા.” સર્વએ એક જ આત્મિક અન્ન ખાધું, અને સર્વએ એક જ આત્મિક પાણી પીધું, કેમ કે તેમની પાછળ ચાલનાર આત્મિક ખડકનું પાણી તેઓએ પીધું, તે ખડક તો ખ્રિસ્ત હતો. પણ તેઓમાંના




CHIEF EDITORS
Pastor S. Sam Selva Raj
Angeline Selvakumari Henry, M.A., M.Ed.
MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
ADMINISTRATION
Bro. N. Prakasam, M.A., General Manager
EDITORIAL BOARD
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M. Phil., B.Ed.
Bro. J. R. Jayabalan
ADVISORY BOARD
Bro. N. Balaji, B.Com., B.L.
Dr. S. Rabinder Boaz, M.S.
Er. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM)
Dr. D. Dhaya Devadas
Bro. Jose Abraham
Bro. K. Puratchivendan, M.Com., B.L.
Bro. Thomas T. Jacob, B.Com., B.L.
PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+91-44) 2852 8282
2852 9293, 2854 7766
Email : sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
Websites :
www.echoofhiscall.org
www.echoofhiscall.com

**Our Ministries:** ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Theological Correspondence Course (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partner Village English High School Crusades 100 Prayer warriors Community Development

ઘણાખરા પર દેવ પ્રસન્ન ન હતો, માટે તેઓ રાનમાં માર્યા ગયા. હવે જેમ તેઓ ભૂંડી વસ્તુઓની વાસના રાખનારા હતા તેવા આપણે ન થઈએ, તે માટે આ વાતો આપણે સારૂં ચેતવણીરૂપ હતી. જેમ તેઓમાંના કેટલાએક મૂર્તિપૂજક થયા, તેમ તમે ન થાઓ, લખેલું છે કે લોક ખાવાપીવા બેઠા અને ઊઠીને નાચવા લાગ્યા. જેમ તેઓમાંના કેટલાએકે વ્યભિચાર કર્યો અને એક દિવસમાં ત્રેવીસ હજાર માર્યા ગયા, તેમ આપણે ન કરીએ. વળી જેમ તેઓમાંના કેટલાએકે પ્રભુનું પરીક્ષણ કર્યુ અને સર્પોથી નાશ પામ્યા તેમ આપણે તેનું પરીક્ષણ કરીએ નહિ. વળી જેમ તેઓમાંના કેટલાએકે બડબડાટ કર્યો અને સંહારકથી નાશ પામ્યા, તેમ તમે બડબડાટ ન કરો. હવે એ સઘળું તેઓને વીત્થું તે તો દાખલો લેવા માટે થયું, અને જેઓના પર યુગોનો અંત આવી લાગ્યો છે એવો આપણને બોધ મળે તેને સારૂં તે લખવામાં આવ્યું છે. માટે જે કોઈ પોતાને સ્થિર ઉભેલો ધારે છે, તે પોતે ન પડે માટે સાવચેત રહે.

આપણે એફેસીઓના પત્ર ૫:૩-૮માં વાંચીએ છીએ, "વ્યભિચાર તથા સર્વ પ્રકારની મલિનતા અથવા લોભ, **એઓનાં નામ સરખાં તમારે ન લેવાં**, કેમ કે સંતોને એ જ શોભે છે. નિર્લજ્જ તથા મૂર્ખતાભરેલી વાત અથવા ઠઠ્ઠામસ્કરી તમારામાં ન થાય, કેમ કે એ ઘટિત નથી, પણ એને બદલે આભારસ્તુતિ કરવી. કેમ કે આ તો તમે ખાતરીપૂર્વક જાણો છો કે કોઈ પણ વ્યભિચારી અથવા દુરાચરણી અથવા દ્રવ્યલોભી, એટલી મૂર્તિપૂજક, એઓને ખ્રિસ્તના તથા દેવના રાજ્યમાં કંઈ વારસો નથી. તમને કોઈ નિરર્થક વાતોથી ન ભુલાવે, કેમ કે એવા કામને લીધે દેવનો કોપ આજ્ઞાભંગ કરનારા પર આવે છે. એ માટે તમે તેઓના સાથી ભાગીદાર ન થાઓ. કેમ કે તમે પહેલા અંધકારરૂપ હતા, પણ હવે પ્રભુમાં પ્રકાશરૂપ છો, પ્રકાશના સંતાનને ઘટે તેમ ચાલો."

જેમ પવિત્રશાસ્ત્ર કહે છે, સંપૂર્ણ જગત શેતાનની અને માંસની અંદર આવ્યુ છે. સમજદાર અને ભણેલા પણ કાયમ સળગતા અગ્નિમાં જાય છે, જેમ બાળકો જેઓ જાણતા નથી કે જમણો અથવા ડાબો હાથ ક્યો છે.

**ઇશ્વરના લોકોનું સંપૂર્ણ હૃદય સર્મપણ જ એક માર્ગ છે.**

સંપૂર્ણ જગતને આ મહા ભયથી મુક્ત કરવાને બદલે, આજની મંડળીઓ તેમના પોતાના રાજ્યોને બાંધવા પર લક્ષ આપી રહી છે. આજની મંડળીઓ ઉંચા મિનારાઓ બાંધવાનો ધ્યેય રાખે છે, જેટલી સંપત્તિ ભેગી કરી શકે તેટલી ભેગી કરવાનો પ્રયત્ન કરે છે, વિશ્ર્વાસીઓને બીજી મંડળીઓમાંથી તેમની મંડળીઓમાં ખેચવાનો પ્રયત્ન કરે છે. શું આ દુઃખદાયી નથી નોંધવાનું કે આવી બાબતો મંડળીઓમાં થાય છે જેને મોટું મહત્વ આપવામાં આવે છે, પણ તેવી તાલિમ પણ આપવામાં આવે છે અને એક મંડળીમાંથી તેમની મંડળીઓમાં વિશ્ર્વાસીઓને ચોરવાની યોજનાઓ ઘડવામાં આવે છે અને આવી દુન્યવી બાબતોમાં? ફકત મંડળી એકલી જ લોકોને સહભાગીતામાં લાવી શકે છે. ઇશ્વરના દરેક બાળકે પસ્તાવો કરવો જોઈએ અને દેશોને સુવાર્તામાં સમાનતા લાવવા આગળ આવવું જોઈએ.

"ઘોર તથા ભયંકર વાત દેશમાં બની છે. પ્રબોધકો જૂઠું બોલે છે ને તેઓના કહયા પ્રમાણે યાજકો અધિકાર ચલાવે છે અને મારા લોકને એ ગમે છે, પણ છેવટે તમે શું કરશો?"

"કેમ કે તેઓમાંના નાનાથી તે મોટા સુધી સઘળા લોભી થયા છે અને પ્રબોધકથી તે યાજક સુધી સઘળા જુઠાણું ચલાવે છે. કંઈ પણ શાંતિ ન છતાં, તેઓએ શાંતિ, શાંતિ બોલીને મારા લોકની દીકરીનો ઘા ઉપરઉપરથી રૂઝાવ્યો છે." (યર્મિયા ૬:૧૩-૧૪)

"યહોવા આમ બોલે છે કે, માર્ગોમાં ઉભા રહીને જુઓ, ને પુરાતન માર્ગોમાં જે ઉત્તમ માર્ગ છે તેની શોધ કરીને તેમાં ચાલો. એટલે તમારા જીવને વિશ્રાંતિ મળશે. પણ તેઓએ કહયું કે અમે તે માર્ગમાં ચાલીશું નહિ." (યર્મિયા ૬:૧૬)

વહાલા ઇશ્વરના બાળકો, ઇશ્વરનો ચુકાદો ટુંકા સમયમાં આવશે. તે ભયજનક હશે! તમારી જાતને તે માટે તૈયાર કરો. સાવચેત રહો. છેતરાતા નહિ. ચાલો આપણો ફકત એટલો જ બોજ છે દુનિયામાં સુવાર્તિક સમાનતા લાવવી. આપણા દેશોના દરેક જણે ફકત ઇસુ ખ્રિસ્તના નામની આરાધના કરવી જોઈએ.

**ઓ ઇશ્વર, સુવાર્તાનો પ્રચાર જ ફકત મારો બોજ થવા દો!**

**તમારૂં નામ મારા દેશમાં જાહેર થવું જોઈએ!**

**આ તમારા હૃદયનો ખરો બોજ હોવો જોઈએ.**

**ફકત એક જીવન**

**તે ઘણું ઝડપથી પસાર થાય છે**

**તમે ઇશ્વર માટે શું કરવાનો છો**

**એકલા અંત સુધી સહન કરશે.**

અમે તમારી પ્રતિક્રિયાની અપેક્ષા રાખીએ છીએ. અમે તમારા માટે પ્રાર્થના કરીએ છીએ. મહેરબાની કરીને અમારા માટે પ્રાર્થના કરો.

**ખ્રિસ્ત ઈસુમાં તમારો સેવક**
**એસ. સામ. સેલ્વરાજ**

---

...પાન એક પરથી ચાલુ..

ખરેખર ખ્રિસ્તવિરોધીની યોજના ધર્મશાસ્ત્રમાં પહેલેથી જ ખુલ્લી પાડવામાં આવી છે. પાઊલ જાહેર કરે છે, "કેમ કે અધર્મની ગુપ્ત અસર ચાલુ થઈ ચુકી છે." (૨ થેસ્સલોનિકીઓને પત્ર ૨:૭). તે કહે છે રહસ્યમય પ્રકારનું પાપ જે હમણા પણ કાર્ય કરે છે, તે ખ્રિસ્તવિરોધીમાં આવશે. દેખીતી રીતે, દુષ્ટતાનો આત્મા ખોવાયેલી માણસજાત પર પડશે, લોકોનાં હૃદયને જોરદાર જકડી રાખશે જેથી પાપનો માણસ સતા પર ઝડપથી ચડશે.

તો પણ આ વાક્યનો અન્ય અર્થ છે, "દુષ્ટ રહસ્ય" તે ગ્રીક મૂળ પરથી આવ્યો છે, જેનો અર્થ છે, "શાંત શરૂઆત" પાઊલ વાત કરે છે ખ્રિસ્તવિરોધી સંપ્રદાયમાંની ગુપ્ત શરૂઆતની એક ગુઢ, શેતાની પ્રભાવની જે તેના સમયમાં સ્થાન લેતા તેણે જોઈ હતી.

હમણા હવે આ રહસ્યમય આત્મા સંપૂર્ણ લલચાવનારી શક્તિ પર છે, લોકોના સમુદાયને પાપના માણસને મળવા તૈયાર કરે છે. દરરોજ, હજારો માનસિક રીતે ધોવાઈ જાય છે, ચૂપચાપ અને ગુપ્તરીતે તેમનામાં શરૂઆત કરવામાં આવે છે. અને આ શેતાની કાર્ય એટલું ઝડપથી અને અસરકારક રીતે થાય છે કે પાપનો માણસ સત્તા પર બહુ થોડા સમયમાં ચઢશે.

પ્રભુ ઇસુ ખ્રિસ્ત પાછા આવશે તે પહેલા આપણે ખ્રિસ્તવિરોધીનો કેટલોક શારીરીક

સાક્ષાત્કાર કરવાની જરૂર નથી. તેમનો શેતાની આત્મા પહેલેથી જ હજારો માનસિકરીતે ધોવાયેલા વિશ્ર્વાસીઓમાં પ્રગટ થયો છે!

**દુષ્ટાતાના રહસ્ય વિશે પાઊલ સંપૂર્ણપણે સમજાવે છે.**

પાઊલ કહે છે રહસ્ય સરળતાથી આ છેઃ શેતાન લોકોને અરોજકતાનાં ઊંડાણમાં લલચાવશે! પાઉલે વાપરેલો ગ્રીક શબ્દ દુષ્ટતા માટે આ ફકરામાં છે "અરાજકતા" તેથી, રહસ્ય એક અરાજકતા છે-અર્થાત સમુદાય કાયદા વગર કામ કરશે અથવા નિયંત્રણ વગર.

હજુ પણ, આ અરાજકતા તો ફકત માણસના શાસન સામે બળવો નથી. તે મુલકી સત્તા સામે બળવો નથી અથવા ચોરી, બળાત્કાર અથવા ખૂન કરવા જેવું નથી. આ વાતો ઈશ્ર્વરના ક્રોધને ઉશ્કેરે છે. પણ અરાજકતાનું રહસ્ય હજુ ઘણું ઊંડુ જાય છે. તે તો ખ્રિસ્તમા રહેલા સત્યને સંપૂર્ણ નામંજૂર કરવું-ઈશ્ર્વરના પવિત્ર શબ્દ અને આજ્ઞાઓને બાજુ પર મુકવું. તે તો પવિત્ર ધર્મગ્રંથના અંકુશ સામે બળવો છે.

આ અરાજકતા આપણા દેશમાં હમણાં ઉગ્ર થઈ છે. તે તો એ શક્તિ છે કાયદા પાછળ જે આપણા સમાજમાંથી ઈશ્ર્વરને કાઢી નાખવા માટે. આ એજ આત્મા છે જે શેતાને હવાને છેતરવા વાપર્યો હતો. તેણે તેણીને કહયું ઘણા શબ્દોમાં, "ઈશ્ર્વર સારો છે તે તમને આજ્ઞાભંગ માટે સજા નહિ કરે. તુ આ ફળ ખાઈ શકે છે અને તારી ઇચ્છાને પૂરી કરે શેકે છે. તેને માટે તારે કંઈ પણ ચુકવવું પડશે નહિ."

તે તો નરકનું ઘોર અસત્ય હતુ અને શેતાન તેજ અસત્ય આજે ખ્રિસ્તીઓ પર વાપરે છે જેથી તેના અરાજકતાનું રહસ્ય આગળ કરી શકે. દિવસ પછી દિવસ, વિશ્ર્વાસીઓના સમુદાયને ખાતરી અપાવે છે કે તેઓ તેમના પાપો કરી શકે છે, "કોઈ પણ દંડ ભર્યા વગર." તે તો શેતાની યોજના છે ખ્રિસ્તની શાંતિની સુવાર્તાને બગાડવી, તેને લૈંગિકતાના સંદેશમાં પરિવર્તિત કરવાની.

દુઃખદ રીતે, ઘણા ઉદાસીન ખ્રિસ્તીઓ આ અરાજકતાના આત્માને તાબે થાય છે. કેટલાકને ખ્રિસ્તવિરોધી સંપ્રદાયમાં પહેલેથી જ સામેલ કરવામાં આવ્યા છે. તેઓ પાપના માણસને સ્વીકારવા પાકી ગયા છે, જે ચમત્કારો કરતા અને સમસ્યાઓ છોડાવતા આવશે.

તમે કદાચ વિચારો, "હું ખ્રિસ્તવિરોધીને અનુસરવા ક્યારે પણ મુર્ખ ન બંનું." પણ પાઊલ કહે છે, "ખ્રિસ્તવિરોધી સત્તા પર ઉભો થશે કારણ કે લોકો પોતાના પાપને કારણે અંધ બનશે અને છેતરાશે." "શેતાનના કરાવ્યા પ્રમાણે સર્વ પ્રકારના ખોટાં પરાક્રમો, ચિન્હો તથા ચમત્કારો સાથે, તેમ જેઓએ પોતાના તારણ અર્થે પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ અને જેઓનો વિનાશ થાય છે તેમને માટે દરેક જાતના પાપરૂપ કપટ સાથે તે અધર્મી પુરૂષ પ્રગટ થશે. " (૨ થેસ્સલોનિકીઓને પત્ર ૨:૯-૧૦).

શેતાન લોકોના સમુદાયને છેતરશે તેમને ગુઢ પણ જોરદાર અસત્ય દ્વારા ખાતરી કરવીને..તેનું અસત્ય શું હશે? તે જગતને ખાતરી આપશે જેમ તેણે હવાને આપી, "ઈશ્ર્વર શિક્ષા કરશે નહિ અથવા પાપ!"

પાઊલ કહે છે આ છેતરપીંડી આવશે... બધા કપટ સાથે... કારણ કે તેઓ સત્યનો પ્રેમ મેળવી શકયા નથી, કે તેઓ કદાચ બચી જાય. (વચન ૧૦). તે પછી ઉમેરે છે. આ અર્થે (કારણે), ઇશ્ર્વર તેમના પર શક્તિશાળી ભ્રમણા મોકલશે કે તેઓ અસત્યને માને.

...અનુસંધાન છઠ્ઠા પાને...


# ECHO OF HIS CALL

Monthly magazines in 16 languages, Bible Colleges, Postal Courses, Church Planting, Village English High School, Gospel Printing Press, Crusades, Seminars, Social Services, etc.

**Annual Subscription : Rs. 100/- Life Subscription : Rs. 2000/-**

The multifarious activities of **Echo of His Call Ministry** is supported by the free-will offerings and donations of the God's children like you. You may support **Echo of His Call** and its activities as the Lord leads you. We need your help to send forth the Gospel to the unreached people and plant Churches.

If you would like to receive **ECHO OF HIS CALL** magazines regularly, please write to us. Whenever you change your postal or e-mail addresses, please do inform us your old and new addresses.

**Echo of His Call** is available in 16 languages in our websites also. You can read it by going into the site as well as downloading it and get blessed.

Your letters, prayer requests and your financial helps (by D.D., Cheque, M.O. etc.) to **ECHO OF HIS CALL** may be sent to the address below.

Please send your **Land Phone / Cell Phone Numbers and E.mail addresses** for updation.

## ECHO OF HIS CALL

10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai- 600 005, India.

**Phone :**(+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

**Cell :**(+91) 98410 71852, 95661 31858

**Email :** sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in

**Websites :** www.echoofhiscall.org / www.echoofhiscall.com

**YOU CAN SEND YOUR DONATIONS ON ONLINE ALSO**

**The details of our Bank Accounts are given below. Please inform us the details of your remittances.**

| Bank | Branch | Name | IFSC Code No. | Account Number |
|---|---|---|---|---|
| 1. STATE BANK OF INDIA | Triplicane, Chennai -5 | S. Sam Selva Raj | SBIN 0000249 | 102329 34679 |
| 2. ICICI BANK | Anna Salai, Chennai -2 | Echo of His Call | ICIC 0006038 | 6038 05022319 |

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશમાં સહકાર્યકરો

TO SHARE (Galatians 6:2), SUPPORT (Romans 12:13) & SPEED UP (II Timothy 1:6)

## Praise & Prayer Points

### સ્તુતિ અને પ્રાર્થનાની વિનંતીઓ / મુદ્દાઓ- ૧૯ નવેમ્બર ૨૦૧૮ થી ૧૮ નવેમ્બર ૨૦૧૮ સુધી

(મેહરબાની કરીને આ પાનું કાઢો, તેને વાળો અને તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાથના કરો)

### ઈશ્વર કાર્ય કરે છે. સ્તુતિનાં મુદ્દાઓ / વિનંતિઓ

નવેં.૧૯ : અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીમાં ઈશ્વર ચમત્કારો કરે છે.

નવેં.૨૦ : અમારી મુખ્ય મંડળીમાં અને શાખા મંડળીઓમાં નવા આત્માઓ ઉમેરાય છે.

નવેં. ૨૧ : ઇશ્વરે અમને **ઇકો ઓફ હીજ કોલ કૅલેન્ડર્સ** વર્ષ ૨૦૧૯ માટે છાપવા સહાય કરી છે.

નવેં.૨૨ : આપણા નહેમ્યાહ બાઈબલ કોલેજોના બધા આધ્યાપકો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

નવેં.૨૩ : ઇશ્વરે અમારી પાંચ ભાષાઓમાં ચાલતી સાત ભજનસેવાઓને આશીર્વાદિત કરી છે.

નવેં.૨૪ : ઇશ્વરે અમારૂં સુવાર્તા સાહિત્ય જે ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાય છે અને મિશન વિસ્તારોમાં મોકલાય છે તેને આશીર્વાદિત કર્યુ છે.

નવેં.૨૫ : આવો આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કુલના** આચાર્ય, શિક્ષકો અને કર્મચારી સભ્યો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

નવેં.૨૬ : આપણા **ઇકો ઓફ હીજ કોલ** માસિક સામયિકનાં ૧૬ ભાષાના વાચકો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

નવેં. ૨૭ : આપણી મંડળીઓમાંના વડિલો માટે ઇશ્વરની સ્તુતિ કરીએ.

નવેં.૨૮ : આપણા મિશન વિસ્તારના ફિલ્ડ કાર્યકરોને ઇશ્વર રક્ષણ પુરૂ પાડે છે.

નવેં.૨૯ : આપણા કો-ઓર્ડીનેટરો માટે આવો ઇશ્વરની સ્તુતિ કરીએ.

નવેં.૩૦ : ઇશ્વર આપણા વડિલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના કુટુંબના સભ્યોને દરેક દુષ્ટ પરિબળોથી રક્ષણ પુરૂ પાડે છે.

ડિસેં.૦૧ : પાછલા મહિનામાં થયેલ ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજની બધી પ્રવૃતિઓને ઇશ્વરે આશીર્વાદિત કરી છે.

ડિસેં.૦૨ : ઇશ્વરે અમને આ વર્ષે વધુ સાહિત્ય નિર્માણ કરવા સહાય કરી છે.

ડિસેં.૦૩ : ઇશ્વરે બહેન જેસી વિણા સામની તંદુરસ્તિમાં સુધારો આપ્યો છે.

### પ્રાર્થનાનાં મુદ્દાઓ / વિનંતિઓ

ડિસેં.૦૪ : ઇશ્વર **ઇકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીની આ મહિનાની બધી નાણાકીય જરૂરીયાતો પૂરી પાડે.

ડિસેં.૦૫ : ઇશ્વરે લોકોના મનોમાં તેમના માટેનો ભય મોકલવો જોઈએ.

ડિસેં.૦૬ : ઇશ્વરે મંડળીઓમાંના ખોટા સિદ્ધાંતોને દૂર કરવા જોઈએ.

ડિસેં.૦૭ :ઇશ્વરે દુનિયામાં મોટી જાગૃતિ મોકલવી જોઈએ.

ડિસેં.૦૮ : દુનિયાભરના નાશ પામતા આત્માઓનાં તારણ માટે આવો પ્રાર્થના કરીએ.

ડિસેં.૦૯ : અમારી પ્રસ્તાવિત નવી પરિયોજના **દૈનિક સ્વર્ગીય માન્ના** ટુંક સમયમાં પ્રકાશિત થઈ રહી છે. તેને માટે પ્રાર્થના કરો.

ડિસેં.૧૦ :આવો આપણા **મૂળભુત બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ અને ઇશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** માટે પ્રાર્થના કરીએ.

ડિસેં.૧૧ : આવો ઇશ્વરના સેવકોના રક્ષણ માટે પ્રાર્થના કરીએ.

ડિસેં.૧૨ : દુનિયાભરમાં શાંતિ માટે આવો પ્રાર્થના કરીએ.

ડિસેં.૧૩ : આવો આપણા પ્રાર્થના ભાગીદારો, જીવન ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, મહાન આદેશના ભાગીદારો અને તેમના કુટુંબના સભ્યો માટે પ્રાર્થના કરીએ.

ડિસેં.૧૪ : ઇશ્વર અપણી મંડળીઓની બધી જરૂરીયાતો પૂરી પાડે.

ડિસેં.૧૫ : દુનિયાભરનાં દુરદર્શનના પ્રચારકો માટે આવો પ્રાર્થના કરીએ.

ડિસેં.૧૬ : ઇશ્વર આપણા ગ્રામ્ય ઉચ્ચ શાળા, સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન શાળાને આશીર્વાદિત કરે.

ડિસેં.૧૭ : અમારી મિનિસ્ટ્રી ટીમના બધા કાર્યકરોને ઇશ્વર રક્ષણ પુરૂ પાડવાનું ચાલુ રાખે.

ડિસેં.૧૮ : ઇશ્વર બધા બાળકોને આત્મિક તથા શારીરીકરીતે આશીર્વાદિત કરે.

...ચાર પાનાથી......

(વચન ૧૧).

પ્રેરિત કહે છે, "જેઓ આજ્ઞા નકારશે અથવા ઇશ્વરના વચનને માન આપશે નહિ, તેઓ મજબૂત ભ્રમણામાં પડશે. પ્રથમ તેઓ તેમના પાપ તરફ આંખ મીચાવી દેશે. તેઓ તેને સમર્થન આપશે. પણ તરત તેઓ સરળ કૃપાનો સંદેશો સક્રિયપણે શોધશે. તેઓ કૃપાની શોધ કરશે જે ઈશ્વરે ઇચ્છેલી તેનાથી ઘણી બહાર હશે. તેમની કૃપા પરવાનગી તરફ દોરી જશે. તે હમેશાં પશ્ચાતાપ તરફ દોરે છે."

## જગત હમણા મજૂબત ભ્રમણા હેઠળ છે

જગત આજે શેતાની અસત્યના ભોળવનારી શક્તિ હેઠળ છે. તો પણ, હું વધું કહું, હું અહી બોલું છું લોકશાહી કે પ્રજાસત્તાકના પુરસ્કર્તા તરીકે બોલતો નથી. હું અંહી જ કહેવા માંગુ છું કે તેને રાજકારણ સાથે કંઈ લેવાદેવા નથી- પણ દરેક બાબત આત્મિક સત્ય સાથે કરવાની છે. હકીકત એ છે કે આપણા દેશના આગેવાનોએ ઇશ્વરના વચનને પૂર્ણપણે બાજુ પર કર્યો છે, પવિત્રશાસ્ત્રીય સત્યને કોઈ પણ માન આપ્યા વગર. અને હવે ઇશ્વરે એક છેતરપીંડી આપણા પર આવવા પરવાનગી આપી છે.

શેતાની અસત્ય જગતને કંટાળો આપે છે. તે તો ખોટી શાંતિ છે. તેનો વિચાર એ છે કે જે કંઈ આપણે ઇચ્છીએ તે આપણે કરીએ કોઈ પણ પરિણામના ભય વગર. આપણે પહેલેથી જ આ છેતરપીંડીની સીમા ઓળંગી છે અને હવે ચુકાદો અનિવાર્ય છે.

પાઊલ રોમન ૧માં આ પવિત્ર ચૂકાદાને મુકે છે. તે એવાઓને કહે છે જેઓ ક્યારેક બાઈબલના સત્યને અનુસરતા હતા. પણ પાછળથી સત્યને અન્યાયીપણામાં જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. ટુંકમાં, તેઓ ઇશ્વરના શબ્દ અને તેમની પોતાની વાસના એક જ સમયે ઇચ્છતા હતા. તેથી ઇશ્વરે તેમને તેના બદનામ મન તરફ ફેરવ્યા. તેઓ અસત્યને માનવા માગતા હતા. તેથી તેમણે તેમના પર મજબૂત ભ્રમણા મોકલી.

હવે આ ખરું વલણ મંડળીમાં ફેલાયું છે. ખ્રિસ્તીઓના સમુદાય આજે એ-પ્રમાણિત વિડીઓ જુએ છે અથવા ઇંટરનેટ પર અશ્લીલ સાહિત્ય શોધ્યા કરે છે. તેમનો અંતરાત્મા તેમને કદાચ પીડા આપતો હશે. પણ હવે તેમની પાસે કારણ છે, "આપણા બધા આગેવાનો આમાંથી છટકી જાય છે. બધા તે કરે છે. હું કેમ નહિ?" તેઓ શેતાની ભ્રમણામાં પડયા છે.

પાઊલ ચેતવે છે, "કેમ કે એવો વખત આવશે કે જે વખતે તેઓ શુદ્ધ ઉપદેશને સહન કરશે નહિ, પણ કાનમાં ખંજવાળ આવવાથી તેઓ પોતાને મનગમતા ઉપદેશકો પોતાને સારૂ ભેગા કરશે. તેઓ સત્ય તરફ આડા કાન કરશે અને કલ્પિત વાતો તરફ ફરશે." (૨ તિમોથીને પત્ર ૪:૩-૪).

આ છેતરાયેલા સમુદાયો કોણ છે જેના વિશે પાઊલ કહે છે? તેઓ છેતરાયેલા ખ્રિસ્તીઓ છે. તેણે આ પત્ર થેસ્સલોનિકીઓની મંડળીને લખ્યો-ફરી જન્મેલાં વિશ્વાસીઓને! તે એવા લોકોને સંબોધતો હતો જેઓ પવિત્રશાસ્ત્રના શિક્ષણ હેઠળ બેઠા હતા અને ઇશ્વરનું સત્ય જાણતા હતા. તો પણ તેઓ તેમની વાસનાઓમાં રહયા અને હવે તેઓ અમારા પાખંડની માંગ કરે છે જે તેમને તેમના પાપમાં દિલાસો આપે.

**છેતરપીંડીના સૌથી મોટા જોખમમાં વિશ્વાસી છે જે ખુશીથી ઇશ્વરનું વચન સાંભળે છે પણ તેનું પાલન કરતો નથી.**

પાઊલ ગલાતીઓને લખે છે, "તમે સારી રીતે દોડતા હતા, છતા સત્યને માનતાં તમને કોણે રોક્યા? (ગલાતીઓને પત્ર ૫:૭) ઓ અણસમજુ ગલાતીઓ, તમારી નજરે ઇસુ ખ્રિસ્ત વધસ્તંભે જડાયેલા સાક્ષાત પ્રગટ કરવામાં આવ્યા હતા એમ છતાં તમને કોણે ભરમાવ્યા? (ગલાતીઓને પત્ર ૩:૧) પ્રેરિત તેના ટોળાને પૂછતો હતો," "તમને શું થયું છે? તમે ઘણું સારૂં કરતા હતા. પણ હવે તમારૂં મન બદલાયું છે."

સમગ્ર ધર્મશાસ્ત્ર દ્વારા, ઈશ્વર આપણને ચોખ્ખુ ચિત્ર આપે છે કે કેટલું બધુ મહત્વનું છે આપણા માટે તેમના શબ્દ માનવા. આપણે આવું એક ઉદાહરણ શાઉલ રાજાના જીવનમાં જોઈએ છીએ. ઇશ્વરે શાઊલને સ્પષ્ટ ખાસ આજ્ઞાઓ શમુએલ પ્રબોધક મારફત આપી હતી. તેણે શાઊલને સુચના આપી હતી, જા અને અમાલેકનો નાશ કર અને તેમનું જે કંઈ હોય તેનો સંપૂર્ણપણે નાશ કર અને તેમને છોડીશ નહિ. પણ માણસો અને સ્ત્રીઓ, નાના બાળકો અને દૂધ પીતા, બળદો અને ઘેંટા, ઊંટ અને ગધેડા. (૧ શમુએલ ૧૫:૩).

શું શાઊલે ઈશ્વરની આ આજ્ઞાનું પાલન કર્યુ? ધર્મશાસ્ત્ર આપણને કહે છે, "પછી શાઊલે હવીલાહથી તે મિસર સામેના શૂર સુધી અમાલેકીઓને માર્યા. અને અમાલેકીઓના રાજા અગાગને તેણે જીવતો પકડ્યો, ને સર્વ લોકોનો તેણે તરવારની ધારથી પૂરો નાશ કર્યો. પણ શાઉલે તથા લોકોએ અગાગને, તથા ઘેટા, બળદો તથા પુષ્ટ જનાવરોમાંથી ઉત્તમ ઉત્તમને તથા હલવાનોને તેમજ સારી સારી બધી વસ્તુઓને બચાવી ને તેઓનો પૂરો વિનાશ કર્યો નહિ, પણ નકામી તથા નાખી દેવાની દરેક ચીજનો તેઓએ પૂરો નાશ કર્યો." (વચન ૭-૯)

ઇશ્વરે તેમનો શબ્દ શમુએલને સ્પષ્ટ રીતે જણાવ્યો હતો. તો પણ શાઊલ જ્યારે યુદ્ધમાં ગયો, તેણે ઇશ્વરની આજ્ઞાનું પાલન આંશિકરૂપે કર્યુ. દરેક જણને અને દરેક વસ્તુનો નાશ કરવાને બદલે તેણે અગાગ રાજાને બચાવી રાખ્યો અને તેણે લડાઈનો કેટલાક બગાડ રાખી મુક્યો.

શમુએલ આ બાબતે વ્યથિત થયો હતો. તેણે શાઊલને કહયું, "અને યહોવાએ તને સવારીએ મોકલતાં કહયું કે જા, તે પાપિષ્ઠ અમાલેકીઓનો પૂરેપૂરો નાશ કર, ને તેઓ નાબૂત થાય ત્યાં સુધી તેઓની સાથે લડાઈ કર. તો યહોવાનું કહેવું તે કેમ માન્યું નહિ,

પણ લુટ કરવા તૂટી પડયો, ને યહોવાની દુષ્ટીમાં જે ભૂંડું હતું તે કર્યુ"(વચન૧૮-૧૯)

આ જગ્યાએ, ધર્મશાસ્ત્ર આપણને ગંભીર, લાગણીહીન શબ્દ આપે છે, "ત્યારે શમુએલ પાસે યહોવાનું એવું વચન આવ્યું કે મેં શાઊલને રાજા ઠરાવ્યો છે એથી મને અનુતાપ થાય છે, કેમ કે મને અનુસરવાનું તેણે મૂકી દીધું છે ને મારી આજ્ઞાઓ પાળી નથી. (૧ શમુએલ ૧૫:૧૦-૧૧).

શું આ તમારા જીવનને વર્ણવે છે? શું ઇશ્વરે તમને તમારા જીવનની ચોક્કસ લૈંગિક ટેવ સાથે વ્યવહાર કરવા માટે કોઈ અનિશ્ચિત શરતોમાં કહયું છે તો પણ તમે તેને વળગી રહયા-તેનાથી દૂર થવાનું નકારીને ?

અત્યારે જ, તેનો આત્મા તમારી સાથે માયાળુ અવાજમાં બોલતો હશે, એમ કહેતા, "તારી વાસના આપણી વચ્ચે ઊભી છે, આપણી સહભાગીતાને અવરોધતા. તુ તેની સાથે વળગી રહે ત્યાં સુધી હું તને આશીર્વાદ આપી ન શકું. મારા આત્મા પર વિશ્વાસ રાખ તારી સહાય માટે. હવે તેને નીચે મૂકી દે, મારા છોકરા. "પણ ટુંક સમયમાં ઇશ્વર કદાચ તમારી સાથે ક્રોધમાં વાત કરશે, એમ કહેતા," જો તુ તારી વાસના મુકી નહિ દઈશ, તો હું તેને ખુલ્લી પાડીશ અને તે તારા જીવનને બરબાદ કરશે.

ઇશ્વરે શાઊલનો તેની આજ્ઞાભંગ માટે નકાર કર્યો. શમુએલે શાઊલને કહયુ," કેમ કે દંગો એ જોષ જોવાના પાપ જેવો છે ને હઠીલાઈ એ દુષ્ટતા તથા મૂર્તિપૂજા જેવી છે. તે યહોવાનું વચન નકાર્યુ છે, માટે તેમે પણ તને રાજા તરીકે નકાર્યો છે." (વચન ૨૩).

તેથી તે પછી ઇશ્વરના આત્માએ શાઊલને છોડી દિધો. રાજાના અર્ધહૃદયી આજ્ઞાપાલને શેતાનના પ્રભાવ સમક્ષ તેને ખુલ્લો મુક્યો. તરત જ એક દુષ્ટ આત્મા શાઉલને સતાવવા લાગ્યો-અને શુ તેણે જાદુગાર સ્ત્રીની સલાહ લઈને પોતાનો અંત ન આણ્યો? કદાચ જ્યારે તમે શાઉલના જીવન વિશે વાંચો છો, તમે વિચારો છો, "પણ શાઉલે તેનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો. અને તે તેણે તેટલું ખરાબ ન કર્યુ. ઇશ્વર તેના પર આટલા સખત કેમ હતા? તેમણે કેમ શાઉલને માફ ન કર્યો?"

ઇશ્વર આપણને આ ફકરા દ્વારા કહેવા માંગે છે કે તેઓ જે બોલે છે તે કરે છે. તેઓ કહે છે, "હું તમને બતાવું છું હું તમારી મારા માટેના આજ્ઞાપાલન વિશે કેવું અનુભવું છુ. હું તમારું સંપૂર્ણ હૃદય માંગુ છું, તમારો પૂર્ણ પ્રેમ-ફક્ત અર્ધ હૃદયી આજ્ઞા નહિ." હવે, જો ઇશ્વરનો શાઉલ માટેનો સંદેશો અસ્પષ્ટ અથવા ધુંધળો હોત, તો આપણે યોગ્ય ઠરાવી શક્યા હોત એમ કહીને કે તેમણે શાઊલ માટે છુટ આપવી જોઈતી હતી. પણ તેમનો શાઊલ માટેનો નિર્દેશ સ્પષ્ટ હતો. તેમા કોઈ શંકા ન હતી કે તેમણે શું આજ્ઞા આપી હતી. તેજ રીતે આજે, આપણને કોઈ શંકા નથી કે ઇશ્વર આપણી સાથે શું બોલ્યા છે. આપણે જાણીએ છીએ તેમની આજ્ઞાઓ શું છે, કારણ કે તેમણે તે તેમના શબ્દ દ્વારા આપણને જણાવી છે અને તેમના આત્મા દ્વારા આપણા હૃદયમાં.

તમે કદાચ જવાબ આપો, ઇશ્વરે શાઉલને જે કર્યુ તે જુના કરારના નિયમમાં થયું હતું. આપણે કૃપાના સમયમાં જીવીએ છીએ. નક્કી યહોવા દેવ આપણા પર એટલો સખત નહિ હોય જ્યારે આપણે આજ્ઞાભંગ કરીએ, જેમ તેઓ શાઊલ પર હતા.

અહીં ઇશ્વરનો શબ્દ નવા કરારમાં આ બાબત વિશે છે, કૃપાનો કરાર. ઇશ્વર દરેક માણસને તેના કામ પ્રમાણે રજુઆત કરશેઃ તે દરેકને પોતપોતાની કરણી પ્રમાણે ફળ આપશે. એટલે જેઓ ધીરજથી સારા કામ કરીને મહિમા, માન તથા અવિનાશીપણું શોધ છે, તેઓને અનંતજીવન મળશે. પણ જેઓ તકરારી છે અને સત્યને માનતા નથી, પણ અધર્મને માને છે, તેઓમાંના ભૂંડું કરનાર દરેક માણસના ઉપર કોપ તથા ક્રોધ, વિપત્તિ તથા વેદના આવશે, પ્રથમ યહૂદી પર અને પછી ગ્રીક પર, પણ સત્કર્મ કરનારા દરેકને મહિમા, માન અને શાંતિ પ્રાપ્ત થશે, પ્રથમ યહૂદીને અને પછી ગ્રીકને, કેમ કે દેવની પાસે પક્ષપાત નથી. (રોમનોને પત્ર ૨:૬-૧૧).

ચાલો મને જુના કરારના શાઉલની વચ્ચેનો અને નવાકરારનાં બધા વિશ્વાસીઓ વચ્ચેનો તફાવત જોડવા દો. જ્યારે પણ વ્યક્તિને સાચી ઇચ્છા હોય ઇશ્વરની આજ્ઞાઓને પાળવાની-જ્યારે તે વ્યક્તિ ઇશ્વરના શબ્દને પ્રેમ કરે છે અને માન આપે છે પવિત્ર આત્મા તેને બધા સામર્થ્ય અને ક્ષમતા સાથે ભરપૂર કરે છે, તે આજ્ઞાઓ પાળવા માટે.. તેજ નવાકરારની આશીર્વાદિત વ્યવસ્થા છે.

શાઉલની પાસે તે પ્રકારની પવિત્ર ઇચ્છા ન હતી. પણ કોઈ પણ વિશ્વાસી જે યહોવા દેવ પર અને તેમના શબ્દ પર પ્રેમ કરે છે તે બધી વાસનાઓ પર સંયમ મેળવે છે પાપના વર્ચસ્વને નીચે લાવીને, તેનામાં રહેલા પવિત્ર આત્માના સામર્થ્ય વડે.

પાઊલ આ સખત શબ્દની ચેતવણી વિશ્વાસીને આપે છે. "વળી, હે માણસ, તું જે એવાં કામ કરનારાંનો ન્યાય કરે છે અને પોતે તે જ કામો કરે છે, તો શું તુ દેવના દંડથી બચીશ એવું તુ ધારે છે? (રોમનોને પત્ર ૨:૩)

## સમાચારો

**અંબાલા, હરીયાણા :** અંતિમવાદીઓએ અહી એક ૩૨ વર્ષિય એસેમ્બીલસ ઓફ ગોડના પાળક, અવીઅંશુ કાલરા પર આરોપ મુક્યો છે, મુર્તિઓને અપવિત્ર કરવાનો અને બળપૂર્વક ધર્માંતરનો અને તેને ને તેના પરિવારને તેમનું ઘર છોડવા માટે દબાણ લાવ્યા. ૧૧ જુલાઈએ ૨૦૦ માણસોના ઉશ્કેરાયેલા ટોળાએ તેના ઘરને અને દેવળને ઘેરાવ ઘાલીને અવરોધ ઊભો કર્યો હતો અને ધમકીભરી બૂમો પાડતા હતા, "બહાર આવ, અમે તને છોડીશું નહિ, અને તને સળગાવી નાખીશુ." સ્થાનિક પોલીસે તપાસનો આદેશ આપ્યો છે. ૧૦૦ સભ્યોની મંડળી ૨૦૧૪માં શરૂ થઈ હતી. અંદાજે ૩૦૦ ખ્રિસ્તીઓએ ૧૯ જુલાઈના રોજ અંબાલાની શેરીઓમાં સરઘસ કાઢયું હતું, ટોળાના હુમલાનો વિરોધ કરતા અને ભારતમાંના લઘુમતીઓના દમન માટે. - **એમએસએન-**

**-ફોરરનર (ઓક્ટોબર ૨૦૧૮)**

તે કહે છે," શુ તમે સાક્ષી આપતા કહો છો કે તમે ખ્રિસ્તી છો અને દરેક જણને ઇશ્વરના નિયમને પાળવા કહો છો-શું તમે તમારી જાતે વ્યભિચારમાં નથી?

"અથવા દેવનો ઉપકાર તને પસ્તાવો કરવા તરફ પ્રેરે છે, એથી અજ્ઞાન રહીને શું તેના ઉપકારની, સહનશીલતાની તથા વિપુલધૈર્યની સંપત્તિને તુ તુચ્છ ગણે છે?" (વચન ૪) પાઊલ ઉમેરે છે, "ઇશ્વર આ દરેક વખતે તમારાં પર દયાળું છે, તમારી સાથે માયાળુપણે અને પ્રેમથી વર્તીને. શું તમે તેમના સારાપણાનો, દયાનો અને કૃપાનો અનુભવ કર્યો નથી જે તમને પસ્તાવા તરફ દોરી જવા માટે છે?"

## આ સંદેશાનો મુદ્દો શુ છે?

હું આ બધા ઉપરાંત તમને આ કહેવા માંગું છુઃ ખ્રિસ્તવિરોધી આવવાનો છે મોટા સમૃદ્ધ ઉપદેશક તરીકે દરેક ઇતિહાસમાં અને શેતાન પહેલેથી જ અર્ધહૃદયવાળા વિશ્ર્વાસીઓને તેના સમુદાયમાં સામેલ કરી રહયો છે. ટૂંક સમયમાં અહી આપણા સમાજ પર કોઈ નિયંત્રણ નહિ હશે અને ખ્રિસ્તીઓ વધુ નબળા થશે પહેલા કરતા શેતાની પ્રલોભન આગળ.

આ જે થયું હતુ ઘણા જર્મન ખ્રિસ્તીઓ સાથે હિટલરના દિવસોમાં. જ્યારે હિટલર સત્તા પર આવ્યો કરિશ્માભર્યા વ્યક્તિત્વ સાથે, અને બહેતર જીવનના વચનો આપ્યા, ત્યારે નબળા લ્યુથરનસ અને પેન્ટીકોસ્ટલસે પણ તેનો સ્વીકાર કર્યો. અને પછી, તેણે તેના દુષ્ટ કામ સમાજ સાથે કરવાની શરૂઆત કરી, તેઓ બીજી તરફ જોવા લાગ્યા, ઇશ્વરના શબ્દના સત્યનો અસ્વીકાર કરીને. ખરેખર, તે મંડળીઓમાં સામર્થ્યવાન અવાજો સુવાર્તા માટે ઉભા થયા. પણ આઘાતજનક વિશ્ર્વાસીઓના સભ્યો હિટલરને અનુસરણ લાગ્યા અને તેની સ્તુતિ પણ કરવા લાગ્યા, પોકારીને "હેઈલ (અથવા હેલ) હિટલર." તેઓ જુઠાણુ લાવ્યા- અને ઇશ્વરે તેમને મજબૂત ભ્રમણામાં મુક્યા.

હું તમને પૂછું છુ. શુ તમે મજબુત ઉપદેશની અંદર બેસો છો જે વહાલથી તમારા છોકરાને ખુલ્લા કરે? તેથી જો, એમ હોય તો, શું તમે તે શબ્દને તમને ગુનેગાર ઠરાવવા દો છો? અથવા શું તમે તમારી વાસના તરફ ફરો છો કોઈ પણ જાતના શોક વગર ?

જો તમે પવિત્ર આત્માની અટકાવની ચેતવણીનો અસ્વીકાર કરો છો-જો તમેં ઇશ્વરની આજ્ઞાભંગ સમયે સમયે કરો છો, કોઈ પણ જાતના હૃદયના શોક સાથેતો તમે ખ્રિસ્તવિરોધી સમુહાયમાં ઉમેરાવો છે. શેતાન મુર્ખતાપૂર્વક તેના દુષ્ટતાના રહસ્યમાં તમને શરૂઆત કરાવે છે. અને જ્યારે આશાસ્પદ ચમત્કાર કરનાર ખ્રિસ્તવિરોધી તે સાથે આવશે, તમે તેના જૂઠાણમાં તણાઈ જશો અને ભ્રમણામાં આવશો!

સાંભળો પાઊલ શુ કહે છે સમાધાનકારી વિશ્ર્વાસીઓ વિશે, જેઓ, ઇશ્વરની પવિત્ર આજ્ઞાનાં શબ્દ અને પ્રેમનો અસ્વીકાર કરે છે. "તેઓ અસત્ય માને માટે દેવ તેઓને ભ્રમણામાં નાખે છે." (૨ થેસ્સલોનિકીઓને પત્ર ૨:૧૨). અફસોસ તેમના માટે જેઓ તેમની વાસનાઓના સત્ય વિશે જાણે છે, પણ જેઓ વિશ્ર્વાસ કરતા નથી તેમનો ઇશ્વર ન્યાય કરશે.

અહીં ઇશ્વરના સત્યને નહિ માનવાના અને નહિ પાળવાના અનિષ્ટ પરિણામો છે.

૧. પાપના કપટીપણાથી હૃદય કઠણ બને છે.

૨. શેતાન કઠણ હૃદય પર કામ કરે છે તેનું સમર્થન કરવા, જેથી તે દરેક દંડના ભયથી મુક્ત થઈ જાય.

૩. જ્યારે ઇશ્વર જુએ છે કે ત્યાં કોઈ શક્યતા નથી કે આ હૃદય સત્યને મેળવે અને અનુસરે, તેઓ તે વ્યક્તિને શેતાની ભ્રમણામાં ફેરવી દેશે.

૪. વિશ્ર્વાસી આંધળો બને છે જૂઠાણ દ્વારા જે કહે છે ત્યાં કોઈ પાપનો મુસારો નથી અને કોઈ ન્યાયનો દિવસ નથી અને તે તેના લંપટ આનંદ સાથે બચી જશે.

૫. વિશ્ર્વાસી શેતાનનો શિકાર થાય છે, એમ વિચારીને કે દુષ્ટતા સારી છે અને સારૂં દુષ્ટતા છે.

૬. તે આખરે ખ્રિસ્તથી અને સત્યથી ઘણો દૂર જાય છે. અને તે ખ્રિસ્તવિરોધી સમક્ષ આંધળો બને છે અને તેનું ભજન કરતા અને તેને દેવ તરીકે તેની સેવા કરતા નાશ પામે છે.

૭. ન્યાયના દિવસે, ઇશ્વર આવા લોકોને કહેશે, "મારાથી દુર જા, તુ દુષ્ટતાનો કાર્યકર્તા" !

વહાલાઓ, આ તે માર્ગે આપણામાંના કોઈ માટે ન હોવો જોઈએ. ઇશ્વરે કરારનું વચન આપ્યું છે. આપણામાંથી બધી ભ્રમણા કાઠવાની અને આપણને પાપ પર વિજય આપવાનું ખ્રિસ્તના વધસ્તંભના સામર્થ્ય મારફત. જે કંઈ બધું તેઓ માગે છે તે આપણે પાપ પર લડાઈ જાહેર કરીએ, એમ કહેતા, "હું આ ટેવ સાથે સમાધાન નહિ કરું. હું તેની સાથે રહેવાનો નકાર કરૂં છું. પિતાજી તમારા આત્માથી મને છોડાવો! જ્યારે તેઓ આ પ્રાર્થનાઓ સાંભળશે, તેઓ પવિત્ર આત્માના સામર્થ્યને અને મહિનાને સ્વર્ગમાંથી મોકલશે, શેતાનને કોઈ પણ તક મળશે નહિ ઉભા રહેવા.

હમણા જ પ્રાર્થના કરો કે ઇશ્વર તમારામાં તેમના શબ્દ માટે આદરસહિત પ્રત્યારોપણ કરે. તેમને વિનંતી કરો કે તમને ધર્મશાસ્ત્ર વાંચવામાં કેળવવા મદદ કરે. અને આત્માને મદદ માટે કહો કે જે તમે વાંચો છે, તે હૃદય સુધી તમે લઈ જઈ શકો એવો વિશ્ર્વાસ કરવા કે ઇશ્વર જે કહે છે તે કરે છે!

રેવ્હ. ડેવિડ વિલ્કરસન

♦♦♦


**Echo of His Call Advertisement Rates**

| Size | One Language Only | In All 16 Languages |
|---|---|---|
| Quarter Page | Rs.2,000 | Rs.30,000 |
| Half Page | Rs.3,500 | Rs.50,000 |
| Full Page | Rs.5,000 | Rs.70,000 |



# ખાડામાંથી મહેલમાં

**(Life experiences of Pastor S. Sam Selva Raj)**

***"whoever reads, let him understand" (Matthew 24:15)***

**"ન્યાયીઓ પર યહોવાની કૃપાદષ્ટિ છે, તેઓની અરજ પ્રત્યે તેના કાન ઉઘાડા છે.."** (ગીતશાસ્ત્ર ૩૪:૧૫)

મારી આજે સવારની પ્રાર્થનાના સમય દરમિયાન, ઇશ્વર મને મારી મિનિસ્ટ્રિની શરૂઆતના દિવસોમાં લઈ ગયા. તેમણે મને સ્પષ્ટરીતે બતાવ્યું કે કેવી પૂર્ણરીતે તેઓએ મને તે વખતે દોર્યો.

હું અહી એક પત્ર તમારી સમક્ષ ખુલ્લો કરવા માંગું છું જે મારા એક મિત્ર, શ્રી પી. શિવપ્રકાશમે ઇશ્વરની સંપૂર્ણ દોરવણી વિશે સમજાવતા મને લખ્યો હતો.

વહાલા પ્રેમી ભાઈ સામ સેલ્વરાજ,

ઘણા વખતથી હું ઇચ્છતો હતો કે તમારી પ્રવૃતિઓ વિશે તમને લખુ. આ સમયે જ્યારે તમે તમારા સામાયિક, 'ઇકો ઓફ હીજ કોલ' અને મિનિસ્ટ્રીની સુવર્ણ જયંતિ ઉજવી રહયા છો, મને લાગે છે કે આ એક તક છે તમારી મિનિસ્ટ્રી વિશે મારા હૃદયના વિચારો પ્રગટકરૂં.

પ્રથમ, આવો મને તમને 'ઇકો ઓફ હીજ કોલ' સામયિકના સ્થાપક અને મુખ્ય સંપાદક તરીકે શુભેચ્છા આપવા દો. સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૯માં પ્રવેશતા પહેલા તમે ઘણી મુશ્લેલીઓ અને પડકારોમાંથી પસાર થઈને સફળતાથી બહાર આવ્યા છો. હું મારા હૃદયના ઊંડાણથી મારી શુભેચ્છાઓ બધા વહિવટદારો અને કાર્યકરોને પાઠવું છું જેમણે ઘણી સખત મહેનત કરી છે.

જો કે તમે કન્યાકુમારી જીલ્લાના નાનકડા ગામડામાં જન્મ્યા હતા અને સામ્યવાદના વિચાર સાથે રહેતા હતા, તમે બધી વિવિધ મુશ્કેલીઓ, અવરોધો, ઉપહાસોમાંથી ઇશ્વરની મિનિસ્ટ્રીમાં પાછલા ૫૦ વર્ષો દરમિયાન ઉપર આવ્યા છો. તમારી ધીરજ અને સહનશીલતા સાથે તમે આ બધી મુશ્લેલીઓને બાજુ પર ધકેલી છે અને કોઈ નકારી નહિ શકે કે તમે ખરેખર તમારા ઇનામનો આનંદ લઈ રહયા છો.

હું પાછળ ફરીને જોવા ઇચ્છી રહયો છું અને જુના દિવસોમાં જોઈ શકું છું જ્યારે આપણે સરકારી કાર્યાલયમાં સાથે કામ કર્યુ હતુ. આ આશ્ચયરીતે નોંધવા જેવું છે કે તે દરમિયાન ૪૦ વર્ષો વીતી ગયા. તમે તમારા તે સમયથી ગળપણ અને કડવાશથી ભરેલા અનુભવો, તમારા લેખો, જેનું મથાળું છે, "ખાડામાંથી મહેલમાં" 'ઇકો ઓફ હીજ કોલ' માં પ્રકાશિત કરી રહ્યા છો. તે અનુભવો સાચા હતા અને તેઓએ તમારા જીવનમાં ઘણો ભાગ ભજવો છે.

હું આનંદથી ઉભરાઈ રહયો છું તે જોઈને કે તમારી અથક મહેનત, આવેગ, નિર્ધાર અને અશક્ય વિશ્ર્વાસ તમને ઘણી ઊંચાઈ પર લઈ ગયા છે.

તમે કોઈની સાથે ક્યારે પણ સ્પર્ધા કરી નથી. અને આ દોડ ઘણી ઝડપથી દોડ્યા છો. આ દોડ દોડવા માટે કોઈએ તમને આગળ ધકેલ્યા નથી. તમે પોતે તમારા પ્રારંભક છો. હું ખરેખર જાણું છું કે તમે આ સંસ્થાને સ્થિર કરવા બધી દિશાઓમાં દોડ્યા છો, ઘણા અવરોધો, સૌમ્યતા અને પ્રતિદ્વંદ્વતાને તોડીને, નિરાશા, વિશ્ર્વાસઘાત, આરોપો વગેરેનો સામનો કરતા. અંતે, તમે આ વિજયી ધ્યેય સુધી પહોંચ્યા છો. મેં જાણ્યું છે કે જો કે આપણે ઘણા પાસેથી સલાહો મેળવીએ છીએ તે તો આપણો, પોતાનો નિર્ણય હોય છે જે શ્રેષ્ઠ રહે છે. તમારૂં નિરિક્ષણ કરતા હું આ કિંમતી સત્ય સમજી શક્યો છું. જ્યારે તમે સાફ મનથી નિર્ણયો લો છો. તમારી નિતિ, "આજનું કામ આજે જ પૂર્ણ કરો અને આવતી કાલ માટે આજે જ યોજના બનાવો" સાબીત કરે છે કે તમે શું છો! મે નિરિક્ષણ કર્યુ છે કે જેઓ સૌમ્ય અને આદરણીય છે તેમની સાથે તમે સૌમ્ય અને આદરણીય રહો છો અને જેઓ વ્યવહારમાં કઠોર છે તેમની સાથે કઠોર રહો છો. આ બધી લાક્ષણિક વિશેષતાઓ બતાવે છે કે તમે સાચા નેતૃત્વના ગુણો સાથે મોટા વહિવટકર્તા છો.

જ્યારે સરકારી સેવામાં હતા, ઘણા ઉચ્ચ અધિકારીઓએ તેમ જ સામાન્ય કામદારોએ તમારી પ્રતિ સહવ્યવહાર દર્શાવ્યો છે. વિવિધ પરિસ્થિતિઓમાં તમે તેમને માટે મોટા સહાયકારી રહયા છો. તમે મને ઘણી વખત જણાવ્યું છે કે તેમાના ઘણા તમારા માટે સહાયકારી બન્યા છે, જ્યારે તમે કટોકટીભર્યા સમસ્યાઓનો સામનો કર્યો હતો અને તમને તે ઘણા અવરોધો તોડવા મદદરૂપ બન્યા હતા. તમારી તેમના પ્રત્યેની મહાનતા દર્શાવે છે અને તમારૂં મહાન હૃદય અને ઉદારતા જાહેર કરે છે. સરકારે ખુદ ખાસ પરવાનગી સાથે તમારૂં સન્માન કર્યુ છે.

મેં તમારી પ્રાર્થના સભાઓનું અવલોકન કર્યુ છે, ઘણી સેવકાઇઓ જોઈ છે, જે દ્વાર ઘણા લોકોએ તેમની સમસ્યાઓ અને બિમારીથી છુટકારો મેળવ્યો છે, ઘણાઓએ તેમની અપેક્ષાઓ પૂરી કરી છે. સમાજના નીચલા સ્તરના લોકોએ તમારી સેવકાઈ દ્વારા મોટો લાભ મેળવ્યો છે. તમે તેમની ઔષધીય અને શૈક્ષણિક જરૂરીયાતો પૂરી પાડી છે અને તેમને ઉંચે ઉઠાવ્યા છે. આ તમારી મિનિસ્ટ્રીની બધી પ્રવૃતિઓ મારા માટે એ છે કે આ બધૂં તમારામાં રહેલું દૈવત્વનું પરિણામ છે જે તમારા હૃદયમાં ઉંડે ઉતર્યુ છે. જો તમને તમારા શરૂઆતના ચૈનાઈમાંના વર્ષોએ રાજકારણમાં રસ બતાવવા માર્ગદર્શન કર્યુ હોત તો તમે કોઈ મોટા રાજકીય પક્ષના આગેવાન બન્યા હોત. જ્યારથી તમને ઇશ્વર દ્વારા બોલાવવામાં આવ્યા છે અને તેમના દ્વારા આશીર્વાદિત થયા છો, તમે આત્મિકરીતે મૂળમાં સ્થિર થયા છો.

આત્મિકતા ઇશ્વરની મરજી છે. જ્યારથી તમે ખરેખર માનો છો કે આત્મિક સામર્થ્ય ગૌરવી છે, આ માન્યતા તમારૂં પ્રેરણાત્મક બળ છે. આત્મિક સામર્થ્ય તમારામાં ઉંડે ઉતર્યુ છે તે કારણથી, તમારા વિચારો અને ઇચ્છાઓ તમારા ભવિષ્ય વિશેના ધ્યેયને બરાબર ઘડે છે જેથી તમારા બધા સાહસો મોટી સફળતા મેળવે છે. મેં આ સત્ય સમજયું છે તમારી જીવનશૈલીનું નિરીક્ષણ કરતા.

ઇશ્વર દેવે તમને અમર્યાદિત ઠહાપણ અને સામર્થ્ય આપ્યા છે. જ્યારે તમે વિવિધ પ્રકારના દુઃખોમાંથી પ્રસાર થયા છો, ઇશ્વર પોતે તમારી સમક્ષ આવ્યા છે અને તમને છોડાવ્યા છે. ઇશ્વરે તમને પારિવારીક સભ્યો આપ્યા છે જેમણે તેમના પરિપક્વ હૃદય સાથે તમારી અંગત પ્રતિકુળતાઓને સ્વીકારી છે, જેમાંથી તમે પસાર થયા છે. કોઈ પણ એ નકારી ન શકે કે ઇશ્વર તમને લાયક અને સમર્થ વહિવટકર્તાઓ અને કાર્યકરો આપ્યા છે, જેથી તમારી મિનિસ્ટ્રીમાં, પ્રકાશનમાં, બાઈબલ કોલેજોમાં અને શાળાઓમાં થતી કોઈ પણ પ્રવૃત્તિઓ મુશ્કેલીઓ જોઈ શકે નહિ.

આ સમયે, જ્યારે આપણે ઇકો ઓફ હીજ કોલની સુવર્ણ જયંતી ઉજવી રહયા છીએ, ત્યારે હું યાદ

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/18-20 WPP NO. TN/PMG(CCR)/WPP-216/18-20

કરવા માંગુ છું આપણી સાથે સંકળાયેલા વહાલાઓને જેઓ તમારા શુભચિંતક હતા. આપણા ઓસ્ટ્રેલીયન મિત્ર શ્રી હાયડન હટન અને ડો.બી.જે. ક્રિષ્ણામુર્થીએ મારા લગ્નમાં હાજરી આપી હતી અને આપણને શુભેચ્છા આપી હતી. હું તે પ્રસંગ ભુલી શકતો નથી. વધુ, હું આપણા ઘણા મિત્રોની મિત્રતાને યાદ કરવામાં આનંદ અનુભવું છું જેમણે આપણી સાથે સરકારી સેવામાં કામ કર્યુ હતું, જેમ કે શ્રી સી મુથુ, ડી. કે. એલુશા, રહેમાન બાશા, બાલક્રિષ્ણનં, મુનુસ્વામી, ગજેન્દ્રન, જૈનુલાબુદીન, પારાનથામન, રામામુર્થી, થંગાવેલી, શ્રીમતી પલવન્નમ, શ્રીમતી ટી.વી.સાવીર્થી, શ્રીમતી જયાકુમારી, શ્રીમતી રાજેશ્વરી, શ્રીમતી ક્રિષ્ણાવેલી, શ્રીમતી રમીશા બીવી અને તમારી શરૂઆતના તમારી મિનિસ્ટ્રીના સાથી કાર્યકરો, શ્રી. ડી.ડબ્લ્યૂ. દેવકાનંદન, જે. આર. પૌલમણી, ડી. રીર્ચાડ થંભીરાજ, એમ. શ્યામસુંદર અને એમ. પૌલરાજ.

આ તો કુદરતી છે તમારા માટે થાક્યા વગર ઝડપથી કામ કરવાનું. પણ આ મારી નમ્ર વિનંતિ છે કે તમે તમારી કામની ઝડપ ઓછી કરો અને તમારી પારિવારીક પરિસ્થિતિઓ અને અંગત સ્વાસ્થને કારણે શાંત ચિત્તે કામ કરો.

“સારા માણસોની મિત્રતા તો ગળપણ છે”, એમ એક કહેવત છે. આ મારી ફકત પ્રાર્થના છે કે આપણી ‘મિત્રતાનો પુલ’ હમેશાં મજબુતીથી ઉભો રહે.

હું તમારું સામયિક ઇકો ઓફ હીજ કોલ સતત પ્રકાશિત થાય માટે મારી શુભેચ્છાઓ આપુ છું. તમારી આત્મકથા પ્રકાશિત કરવામાં તમારા પ્રયત્નને સફળતા મળે એજ ઇચ્છા.

તમારો હમેશાંનો મિત્ર

**પી. શિવાપ્રકાશમ**

વહાલા વાંચકો, આ લાંબો સંદેશો ધીરજથી વાંચવા માટે તમારો આભાર. સઘળુ માન સન્માન અને આદર પ્રભુ ઇસુ ખ્રિસ્તને,**“જે સનાતન યુગાંનો રાજા, અવિનાશી, અદશ્ય તથા એકાકી દેવ છે, તેને સદાસર્વકાળ માન અને મહિમા હો આમીન.** (૧ તિમોથીને પત્ર ૧:૧૭)

**-એસ સામ સેલ્વરાજ.**

♦♦♦

## PLEASE PRAY FOR OUR MINISTRIES AT THE HEADQUARTERS

1. Prayer Service : 24 hours
2. **BIBLECOR -** Bible Correspondence Courses : English, Tamil & Hindi
3. **ECHO OF HIS CALL** - Monthly Magazines : English, Tamil, Malayalam, Telugu, Hindi, Kannada, Marathi, Gujarati, Bengali, Odiya, Nepali, Assamese, Punjabi, Urdu, Sinhala & Afrikaans.
4. Nehemiah Bible Colleges (Two Centres)
5. Theological Correspondence Courses: English & Tamil
6. Great Commission Partners (Network of Pastors)
7. Training Programmes
8. Crusades
9. Literature Distribution and Follow Up
10. Gospel Printing Press - Publications
11. St. Paul's Matriculation School - Village English High School
12. Sunday Schools : 8.30 a.m. & 4.00 p.m. Sunday
13. **Tamil Services : 5.30 a.m. , 7.00 a.m. & 10.00 a.m. Sunday**
14. **Malayalam Service : 3.00 p.m. Sunday**
15. **Telugu Service : 4.00 p.m. Sunday**
16. **Hindi Service : 5.00 p.m. Sunday**
17. **English & Tamil Service : 6.00 p.m. Sunday**
18. Pastors' Counselling : 4.00 p.m. Sunday
19. Women's Prayer : 5.30 p.m. Wednesday
20. Mid-week Bible study : 6.30 p.m. Wednesday
21. Men's Prayer : 7.00 p.m. Friday
22. Workers' Meeting : 6.00 p.m. Saturday
23. House Meetings : 6.30 p.m. Monday & Tuesday
24. Special Holy Communion : 5.30 a.m. 1st day of each month
25. Ministers Review Meeting : 5.30 p.m. First Saturday
26. Parents' Prayer : 4.00 p.m. First Sunday
27. Night Prayer : 9.30 p.m. Second Friday
28. Fasting Prayer : 9:30 a.m.Third Saturday
29. Holy Communion : Second Sunday Services
30. Morning Devotion : 5.30 a.m. daily
31. Staff Devotion : 9.00 a.m. daily
32. Office : 9.00 a.m. to 9.00 p.m. (except Sunday)

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/18-20**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/18-20**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at “Egmore RMS / 1 Patrika Channel”**
**on 16th NOVEMBER 2018**
**If un-delivered please return to:**
**ECHO OF HIS CALL (GUJARATI)**
**P.O. Box No. 2957,**
**Chepauk, Chennai - 600 005, INDIA.**
**Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766**

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from No.18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers** No. 18, Mohammed Abdullah Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**